ગાંધીનગર સમાચાર
તા. ૩-૬-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્રના નકશામાં નવા રાજયનો ઉદય

યુપીએ સરકારે એની વિદાય પૂર્વે ઉતાવળે લીધેલ નિર્ણય મુજબ આંધ્રપ્રદેશનું વિભાજન સુનિશ્ચિત થતાં નવું અને દેશનું ૨૯મું રાજય તેલંગાણા અસ્તિત્વમાં આવેલ છે. નક્કી કર્યા મુજબ ૧ જૂન, ૨૦૧૪ના દિવસે તેલંગાણાને એવી નવી સરકાર સાંપડી છે. તેલગાણા અને આંધ્ર વિભાજનનો પ્રશ્ન એટલો પેચીદો બની રહ્યો હતો કે એથી રાજયમાં કોંગ્રેસ નામશેષ થઇ જાય એવી પરિસ્થિતિ સરજાવા પામી હતી. આંધ્રપ્રદેશના દસ જિલ્લાઓ મેળવીને કંડારવામાં આવેલ તેલંગાણામાં આંધ્રની રાજધાની હૈદ્રાબાદ પણ સમાવાયેલ હોઇ મોટી સમસ્યા સરજાઇ હતી. પરંતુ વર્ષોથી ચાલી રહેલ તેલંગાણા રાજયની માગણીનું આંદોલન એટલું ઉગ્ર બની ગયું હતું કે યુપીએ સરકારનો એની સામે ઝૂક્યા વિના છુટકારો નહોતો. ખુદ તત્કાલીન કોંગ્રેસી મુખ્યમંત્રી કિરણ રેડ્ડી અને કેન્દ્રમાં સીમાંધ્રનું પ્રતિનિધિત્વ કરતા તમામ સાંસદો આંધ્ર વિભાજનની વિરૂદ્ધ હતા. હાંસિયે ધકેલાઇ ગયેલ તેલુગુ દેશમ પણ અખંડ આંધ્રની તરફેણમાં હતો. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ એની રાજકીય ગણતરીઓ મુજબ અલગ તેલંગાણાની તરફેણ કરેલ હોઇ ભારે ધાંધલધમાલ વચ્ચે તેલંગાણા બિલ પસાર કરવામાં મનમોહન સરકારને ઝાંઝી મુશ્કેલી નહોતી નડી. અલબત્ત, તેલંગાણા બિલ પસાર કરી દીધા પછી કે. ચંદ્રશેખર રાવ એમની પાર્ટીનું કોંગ્રેસમાં વિલીનીકરણ કરી દેશે અથવા કમ-સે-કમ ચૂંટણી વેળાએ તેલંગાણા રાષ્ટ્રીય સમિતિના નેજા હેઠળ ચૂંટણી લડી જીતનારા સાંસદો કોંગ્રેસની તરફેણ કરશે, એવી અપેક્ષા ખોટી પડી હતી. આંધ્ર વિભાજનનો સૌથી મોટો ગેરલાભ કોંગ્રેસને થયો હતો અને વર્ષોથી અલગ તેલંગાણાની લડત ચલાવનારા કે. ચંદ્રસેખર રાવ નવા રાજયના સર્જક તરીકે ઉપસી આવતાં વધુ એક પ્રાદેશિક પક્ષનું શાસન અસ્તિત્વમાં આવ્યું છે. સીમાંધ્રમાં હાલ પૂરતું રાષ્ટ્રપતિ શાસન ચાલુ રખાયું છે અને તેલંગાણાના રાજયપાલ તરીકે નરસિમ્હન તથા મુખ્યમંત્રી તરીકે કે. ચંદ્રશેખર રાવને સુકાન સોંપાયું છે. ૨૯૪ વિધાનસભા ક્ષેત્રો ધરાવતા આંધ્રની ૧૧૯ બેઠકો તેલંગાણામાં સમાવાયેલ છે, જયારે બાકી બચેલા આંધ્રનાં ૧૭૫ બેઠકો રહેશે. લોકસભાની સાથે જ આ વિધાનસભાની ચૂંટણી પણ થયેલ હોઇ હવે આંધ્રમાં આઠમી જૂને તેલુગુ દેશમના વડા ડો. ચંદ્રાબાબુ નાયડુ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરશે. ટૂંકમાં કોંગ્રેસનો બેઉ રાજયમાંથી એકડો નીકળી ગયો છે. જેમ દ્વિભાષી મુંબઇ રાજયનું મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે જુદાં જુદાં રાજયો તરીકે વિભાજન થયેલું અને સરકારી કર્મચારીઓની પણ પ્રમાણસર વહેંચણી કરાયેલી તેમ તેલંગાણા અને આંધ્ર વચ્ચે પણ કર્મચારીઓની વહેંચણી થશે. પરંતુ હૈદ્રાબાદ તેલંગાણામાં જતું હોઇ હાલપૂરતી દસ વર્ષ સુધી ઘણી બધી મૂળ વ્યવસ્થાઓ યથાવત્ રહેશે. હૈદ્રાબાદ એ આંધ્રપ્રદેશની વાણિજય નગરી છે, એ 'તકોની રાજધાની' છે. તેથી દસ વર્ષ સુધી એ બેઉ રાજયોની સંયુક્ત રાજધાની રહેશે. ૧૧૯ પૈકી ૬૩ બેઠકો એકલા હાથે કબજે કરીને તેલંગાણાના સર્જક ડો. ચંદ્રશેખર રાવ પ્રથમ મુખ્યમંત્રી બન્યા છે ત્યારે એમની સામે અનેક પડકારો ઊભા છે. રાષ્ટ્રીય રાજકારણમાં તેઓ અનુકૂળતા મુજબ ભાગબટાઇ માગતા રહ્યા છે. હવે નવા રાજયના વિકાસ માટે તેમને રાષ્ટ્રના વિકાસપુરૂષ નરેન્દ્ર મોદીના સહયોગની જરૂર પડવાની છે. વાય.એસ.આર કોંગ્રેસના નેતા જગન રેડ્ડી શરૂથી જ કોંગ્રેસની વિરૂદ્ધ છે. ભારતીય જનતા પાર્ટી માટે આંધ્રનું વિભાજન આશીર્વાદરૂપ નીવડ્યું છે. એનડીએના ઘટકપક્ષ તરીકે ચંદ્રાબાબુ નાયડુ હવે આંધ્રના સુકાની બનશે. આમ આંધ્રમાંથી કોંગ્રેસનો એકડો નીકળી ગયો છે, અને ખોવાઇ ગયેલો તેલુગુ દેશમ ફરી એક વાર પ્રાદેશિક પક્ષ તરીકે ઊપસી આવ્યો છે.

# આજે ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ

## ગુજરાતના ૯૭૫૮૯૭ વિદ્યાર્થીના ભાવિનો ફેંસલો : પરિણામ જાહેર થનાર હોવાથી વિદ્યાર્થીઓમાં પરિણામ જાણવાની ભારે ઉત્તેજના : શિક્ષણ જગતમાં પણ ઉત્સુક્તા

અમદાવાદ, તા.૦૨

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કર્યા બાદ હવે આવતીકાલે ધોરણ-૧૦નું પરિણામ જાહેર થશે. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ધોરણ-૧૦નું પરિણામ જાહેર થનાર હોવાથી વિદ્યાર્થીઓમાં પરિણામ જાણવાની ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આવતીકાલે ધોરણ-૧૦ની પરીક્ષા આપનાર રાજ્યના ૧૦ લાખ છાત્રોની કસોટીનું પરિણામ જાહેર થશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યભરમાંથી ગુજરાતી મીડિયમના ૯,૮૭,૫૨૭, અંગ્રેજી મીડિયમના ૪૮,૩૫૧ અને મરાઠી ભાષાના ૬૨૮૩ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. આ પરીક્ષાનું પરિણામ રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આવતીકાલે સવારે ૧૦ વાગે અમદાવાદ ખાતેથી જાહેર કરશે. આ સાથે જ રાજ્યની તમામ માધ્યમિક શાળાઓના આચાર્ય આવતીકાલે જિલ્લા વિતરણ કેન્દ્રોએ શાળાનાં પ્રતિનિધીને મોકલીને શાળાનું પરિણામ મેળવી શકશે, વિદ્યાર્થી ત્યારબાદ શાળામાંથી પોતાનું પરિણામ મેળવી શકશે. આ ઉપરાંત ઈન્ટરનેટનાં માધ્યમથી વિદ્યાર્થીઓ-વાલીઓ અનુકુળતા મુજબ પરિણામ જોઈ શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે મુજબ વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org અને www.gipl.net ઉપરથી પોતાનું પરિણામ જાણી શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ મોબાઈલ પર એસએમએસ માધ્યમથી પરિણામ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે માટે વોડાફોન ઉપભોક્ત એસએસસી (સ્પેસ) સીટ નંબર લખીને તેમજ ગુજકેટનું પરીણામ જાણવા માટે ગુજકેટ (સ્પેસ) સીટ નંબર લખીને ૫૦૧૧૧ નંબર એસએમએસ મોકલવાનો રહેશે. આ માટે પ્રતિ મેસેજ એક રૂપિયાનો ચાર્જ લાગશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ગુજરાત કોલ સેન્ટરનાં ૧૮૦૦૨૩૩૫૫૦૦ ટોલફ્રી નંબર પર કોલ કરીને પણ પોતાનું પરિણામ જાણી શકશે.

## હરિની દૃષ્ટિ...




પપ્પા તમે રાજસ્થાનના, મમ્મી મુંબઇની તો, મારી ટીમ કઇ તે મને પહેલા કહો...!




આવનારા દિવસોમાં ગ્લોબલ વોર્મીંગની અસર આમને આમ જ રહેશે તો ભવિષ્યની દુનિયા વિશેનું ચિત્ર કેવું હશે તે કલ્પના રજૂ કરતું ભીંતચીત્રમાં જોઈ શકાય છે. તેને સમજી મનુષ્ય કંઈક સમજે તો સારૂ - હજુ સમય વહી નથી ગયો. (તસવીર : કશ્યપ નિમાવત)

# નગરના કલાકારો દ્વારા નાટક શેતલને કાંઠે ભજવાયું

## નાટકમાં પાડાના વાંકે પખાલીને ડામ જેવી પરિસ્થિતિ પેદા થઈ

ગાંધીનગર, તા. ૨

નગરના કલાપ્રેમીઓ દ્વારા તાજેતરમાં ગાંધીનગર ટાઉનહોલમાં દ્વિઅંકી નાટક શેતલને કાંઠે યોજવામાં આવ્યું હતું. નાટકમાં કલાકારોએ સતત ટેકનીકલ ક્ષતિઓ વચ્ચે પણ નાટકમાં જીવ પુરવાનું કામ કર્યું હતું. ખખડધજ ટાઉનહોલના કારણે પગમાં છાલા પડવા છતા પણ કલાકારોએ પોતાની કલા પ્રદર્શિત કરી હતી.

શહેરના સેકટર-૧૭માં આવેલ ટાઉનહોલમાં નગરના પ્રતિભાશાળી યુવા દિગ્દર્શક પાલા ગઢવી અને ઝવેરચંદ મેઘાણી લિખિત અને ચં.ચી. મહેતા નાટય રૂપાંતરીત સૌરાષ્ટ્રની ધીંગી ધરાનું આંસુ ભીની પ્રેમકથાનો નાટયદેહ 'શેતલને કાંઠે' નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નાટકમાં ટાઉનહોલની ક્ષતિને કારણે પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ નિર્માણ પામી હતી. નાટકના કલાકારો દ્વારા ખુબ જ રસપૂર્વક નાટક ભજવવામાં આવતું હતું ત્યાં જ વચ્ચે વચ્ચે લાઈટ બંધ થઈ જતી હતી તેમજ ૪૦ ડીગ્રી ગરમીમાં એસી પણ ગરમ થઈ પોતાની ઠંડક આપતું ન હતું તેમજ વધુ વોલ્ટના ઝટકાને કારણે બલ્બ તુટવાની ઘટના પણ બની હતી.

આ ઘટનાથી કલાકારોના પગમાં કાચ વાગ્યા હોવા છતાં કલાકારોએ બખુબી નાટક ભજવવાનું ચાલુ રાખ્યું હતું જે ખરેખર પ્રશંસનીય



છે. આ કલાકારોમાં જૈની વસાવડા, પાલા ગઢવી, નિરવ વૈધ, અદિતી ત્રિવેદી, નિધી ઉપાધ્યાય, મસ્તી ત્રિવદી, તનુજ દવે, સુરેન્દ્રસિંહ પરમાર, મૌલિક સૂચક, વિભા ઠક્કર, મહેશ પ્રજાપતિ, મોહિત બત્રા, ધવલ ઠક્કર, તિસ્તા ભાંખરિયા, પ્રાચી પરીખ, મયુર અમીન, રાજ નિનામા, જુહી પરમાર અને પ્રશાંત ગઢવીએ કલાના ઓજસ પાથર્યા હતા. ફિલ્મમાં તો કંકુ રેડીને લોહી બતાડાય છે જયારે આ કલાકારોએ લથળતા લોહીથી પગ હોવા છતાં નાટક ભજવી ઉપસ્થિત પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

# બીકોમમાં પ્રવેશના બદલે એક્સટર્નલને પ્રાથમિક્તા

## ખ્યાતનામ કોલેજોમાં પ્રવેશ નહીં મળતાં બીજી કોલેજોમાં પ્રવેશ લેવાના બદલે એક્સટર્નલને હવે વધારે પ્રાથમિક્તા

અમદાવાદ, તા.૦૨

તાજેતરમાં વર્ષોમાં વિદ્યાર્થીઓમાં એક્સટર્નલ પરીક્ષા આપવાનું પ્રમાણ વધી રહ્યું છે. ધોરણ-૧૨ની પરીક્ષામાં ઉંચી ટકાવારીના કારણે પ્રવેશ મેરીટ ઉચું રહેવા લાગ્યું છે. જેના કારણે અનેક વિદ્યાર્થીઓને શહેરના ખ્યાતનામ કોલેજોમાં પ્રવેશથી વંચિત રહે છે. જેના કારણે આવા વિદ્યાર્થીઓ બીજી કોલેજોમાં પ્રવેશ મેળવવાની જગ્યાએ એક્સટર્નલ પરીક્ષા આપવાનું વલણ ધરાવે છે. આ ઉપરાંત એક્સટર્નલ પરીક્ષા આપવાની હોવાથી રોજીદી કોલેજમાં આપવી પડતી હાજરીથી મુક્તિ મળે છે. જેના કારણે વિદ્યાર્થીઓ પાર્ટટાઈમ કે ફુલટાઈમ નોકરી કરીને સારી આવક અને નોકરીનો અનુભવ મેળવી શકે છે. જેના કારણે એફવાયમાં છેલ્લા પાંચ વર્ષમાં જ તે ૫૦૦ થી વધીન ૬૦૦૦ની ઉપર જઈ ચુકી છે.

ધોરણ-૧૨ કોમર્સનું આ વખતનું અમદાવાદ શહેરનું પરિણામ ગત વર્ષની સરખામણીમાં સાડા પાંચ ટકા જેટલું વધુ આવતા ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશોએ પણ કેન્દ્રીય પ્રવેશ માટેની તૈયારીઓ આદરી દીધી છે. આ વખતે પણ માનીતી કોલેજમાં ઉચ્ચ ટકાવારી ધરાવતા અને જે તે ક્વોટામાં આવતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લેશે. ત્યાં નોકરી કે ધંધો કરીને અથવા પ્રોફેશનલ કોર્ષ કરીને બીકોમ કે બીએ અથવા ઈચ્છતા વિદ્યાર્થીઓ આ વખતે પણ એક્સટર્નલમાં પ્રવેશ માટે લાઈન લગાવશે. નોંધનીય છે કે છેલ્લા કેટલાય વર્ષોમાં એક્સટર્નલ વિદ્યાર્થીઓને સંખ્યા સતત વધતી જ રહી છે. એફવાયમાં છેલ્લા પાંચ વર્ષમાં જ તે ૫૦૦થી વધીને ૬૦૦૦ની ઉપર જઈ ચુકી છે. નોંધનીય છે કે કેટલાંક વિદ્યાર્થીઓ એવા છે જેઓ માનીતી કોલેજમાં પ્રવેશ નહીં મળે તો પણ એક્સટર્નલ સ્ટુડન્ટ તરીકે પ્રવેશ મેળવી લે છે. અને પછી જે તે કોલેજમાં અડ્ડો જમાવીને બેસી રહે છે. આ ઉપરાંત એક્સટર્નલ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષા જ આપવાની હોય છે એટલે આખુ વર્ષ આવા વિદ્યાર્થીઓ પોતાના કામમાં વ્યસ્ત રહે છે. ખાસ કરીને ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવા ઈચ્છતા વિદ્યાર્થીઓ બીકોમ અથવા બીએ કરીને સીએ પણ કરી લે છે.

# પૂર્વ કુલપતિ આદેશપાલ સામે હવે લોકાયુક્તમાં ફરિયાદ કરાશે : ડૉ. હિમાંશુ પટેલ

## યુનિવર્સિટીના કેટલાક સિન્ડીકેટ સભ્યો હાલ લોકાયુક્તમાં ફરિયાદ કરવા અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે

અમદાવાદ, તા.૦૨

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક અને એકઝ્યુકેટીવ કાઉન્સલીંગની બેઠકમાં પૂર્વ કુલપતિ આદેશપાલ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની રાજ્ય સરકારને ભલામણ કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે ભલામણ છતાં આદેશપાલ વિરૂદ્ધ રાજ્ય સરકાર કોઈ પગલા ન લે તો યુનિવર્સિટીના કેટલાક સિન્ડીકેટ સભ્યો લોકાયુક્તમાં ફરીયાદ કરવા અંગે ગંભીરતાપૂર્વક વિચારી રહ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રવિવારે મળેલ ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક અને એકઝ્યુકેટીવ કાઉન્સીલની બેઠકમાં પૂર્વ કુલપતિ આદેશપાલ દ્વારા લેવાયેલ ફાઈનાન્શીયલ નિર્ણયોનો રિપોર્ટ રજુ કરાયો હતો. જેમાં આદેશપાલે પાંચ કરોડથી વધુની ગેરરીતી આછરી હોવાનું સ્પષ્ટ થતાં તેમની વિરૂદ્ધ કાર્યવાહી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવાનો નિર્ણય કરાયો હતો જો કે ભલામણ છતાં રાજ્ય સરકાર આદેશપાલ વિરૂદ્ધ પગલા નહીં લે તો લોકાયુક્તમાં ફરીયાદ કવરાની તૈયારી સિન્ડીકેટ સભ્યો કરી રહ્યા છે. આ અંગે યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે પૂર્વ કુલપતિ આદેશપાલે પોતાને મળેલ સત્તાનો દુરઉપયોગ કરીને યુનિવર્સિટીના નાણાંનો વ્યાપ કર્યો છે. તેમણે પોતાના મળતીયાઓને લાભ કરાવવા માટે ખોટા ટેન્ડરો પાસ કરીને કોન્ટ્રાક્ટ આપ્યા હતા જેના કારણે તેમના વિરૂદ્ધ સખતમાં સખત કાર્યવાહી થવી જોઈએ. જેથી જો રાજ્ય સરકાર આદેશપાલ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં ઉણી ઉતરશે તો લોકાયુક્તમાં આ મામલે ફરીયાદ કરવામાં આવશે. પટેલે વધુમાં ઉમેર્યું હતું કે લોકાયુક્તને ફરીયાદ કરી આદેશપાલને તાત્કાલીક ધોરણે ટર્મીનેટ કરીને તેમના પેન્શન સહિતના લાભો અટકાવી દેવા માંગ કરાશે. આ ઉપરાંત તેમણે ગેરરીતી આચીર વ્યાપ કરેલ નાણા તેમની પર્સનલ પ્રોપર્ટીમાંથી વસુલ કરવા માટે માંગ કરવામાં આવશે.

# શાળા-મહારાશાળાના નવા સત્રના દિવસો જયારે શરૂ થવા જઇ રહ્યા છે ત્યારે બાળકો તરફ માનવીય અભિગમ અપનાવીએને એક નવી શરૂઆત કરીએ!

**વિચારસભા**

**શિક્ષણનું મનોમંથન**

**નેહર ગઢવી**

ધોરણ ૧૦ અને ૧૨નાં પરિણામો જાહેર થતાંની સાથે જ બાળકો તેમજ વાલીઓમાં એડમીશન માટેની ભાગદોડ શરૂ થઇ જાય છે. બાળકોની મનઃસ્થિતિ વિષે વિચારવાની ફુરસદ તો ખુદ બાળકોને પણ રહેતી નહીં હોય! બાળકોની અભિરૂચિ શું છે તે મહત્ત્વની વાત હોવા છતાં તે બાબત પર ભાગ્યે જ વિચાર થાય છે. આ તે કેવું શિક્ષણ? મા-બાપ અને શિક્ષકો બાળકો સાથે કોઇ **deal** કરતા હોય તેવું જણાય છે! આજે શિક્ષણ કથળતું જાય છે તેમા ઘણાં કારણોમાનું છેક મહત્ત્વનું કારણ વાલીઓ-શિક્ષકો તથા આપણે જ ઊભી કરેલી વ્યવસ્થા છે. જેની નસેનસમાં શિક્ષણ વહેતું હોય, રક્તનાં કણેકટમાં શિક્ષણના સિદ્ધાંતો સમરસ થયા હોય એ જ શ્રેષ્ઠ ચારિત્ર્યનું ઘડતર કરી શકે. શિક્ષક અને વાલીઓ યાદ રાખે કે તેઓનું કાર્ય વિદ્યાર્થીને માત્ર પરીક્ષામાં સફળ નીવડવા માટે તૈયાર થવામાં મદદ કરવાનું નથી, પણ તેમણે તો વિદ્યાર્થીને એવું જ્ઞાન આપવાનું છે કે જેથી તેના જીવનની અંતિમ પરિક્ષામાં પણ તે ઉત્તીર્ણ થાય. તેમણે કેળવેલ વિદ્યાર્થી જીવનમાં આવતી મુસીબતોના સમયે સામી છાતીએ લડવા માટેનો આત્મવિશ્વાસ મેળવે ત્યારે આવા વિદ્યાર્થીઓના શિક્ષક તરીકે ઓળખાવવામાં શિક્ષકને સંતોષ અને આનંદની લાગણી થાય છે. જીવનની સૌથી અઘરી પરીક્ષા છે અને તેમાં પાસ થવું દરેક વિદ્યાર્થી માટે સૌથી મહત્ત્વનું છે તથા અનિવાર્ય છે.

દરેક વિદ્યાર્થી તેની આગવી શક્તિઓ લઇને શાળામાં પ્રવેશ કરે છે. દરેકની શક્તિ કે સમજ ઓછી-વત્તી હોઇ શકે છે પરંતુ મૂળ વાત એ છે કે કુદરતનું કોઇ સર્જન સંપૂર્ણ ગુણવત્તારહિત હોતું નથી. માતા-પિતા કે શિક્ષકોએ બાળકની ગુણવત્તા તેમજ તેની અભિરૂચિ ધ્યાનમાં રાખીને તેને પ્રોત્સાહન આપવું જોઇએ. માત્ર શાળાઓની ઊંચી ફી ભરીને કે ટ્યુશન કલાસીસમાં બાળકને દાખલ કરવા માત્રથી માતા-પિતા પોતાની ફરજ પુરી થયેલી ગણે તો તે પાયાની ક્ષતિ ગણાય! બાળકને સતત માર્ગદર્શન, હુંફ અને પ્રેરણાની જરૂર રહે છે. આ કામ માતા-પિતા કરે અને શાળાના શિક્ષકો પણ કરે તો બાળક મ્હોરી ઊઠે! તેને ભણતરનો ભાર નહિં પરંતુ ભણતરનો ભાવ પ્રગટ થવો જોઇએ, તેમંથી આનંદ અને ઉલ્લાસ પ્રગટવા જોઇએ. દફ્તરના ભારમાં કે ટ્યુશનના આટા-પાટામાં બાળપણ ચીમળાઇ જાય તો તેને માટે આપણે સૌ સામુહિક રીતે જવાબદાર છીએ. બાળકોમાં પ્રાથમિક વિવેક જરૂર જળવાય પરંતુ તેના પર જડ નિમયો થોડી દેવાના પરિણામો વિપરીત આવી શકે છે. કવિશ્રી કૃષ્ણ દવેની પંક્તિઓમાં પ્રગટતો આ કટાક્ષ ધ્યાને લેવા જેવો છે.

**"આ સઘળા ફૂલોનો કહી દો,**
**યુનિફોર્મમાં આવે!**
**પતંગિયાને પણ કહેવું,**
**સાથે દફ્તર લાવે!**
**માછલીઓને મન ફાવે ત્યાં,**
**આમ નહિં તરવાનું!**
**સ્વીમીંગ પુલના સઘળા નિયમોનું,**
**પાલન કરવાનું!"**

આમ જોવા જઇએ તો માણસે જગતમાં જે સુવ્યવસ્થા ઊભી કરી છે તથા તેને સર્વત્ર જે સુવ્યવસ્થા જડી આવી ચે તે એને માટે ઘણા ગૌરવની વાત છે. એક નાનું બાળક જયારે સૌપ્રથમ ક્રમ પ્રમાણે આંકડા ગણે ત્યારે આનંદમિશ્રિત રોમાંચ અનુભવે છે. પોતાના આંગળા કે લખોટા ગણતાં ગણતાં એને ખ્યાલ આવી જાય છે કે પાંચ, ત્રણ, દસ... એમ બોલવાનો કશો અર્થ નથી. એ તો બે, ત્રણ, ચાર... એમ જ ગણે છે. અને અહિંથી જ ગણિતશાસ્ત્રની તેની શિક્ષાનો આરંભ થાય છે અને આ જ રીતે ખગોળવિદ્યા તેમ જ સંગીત પણ આજ સુવ્યવસ્થાના સિદ્ધાંત પર આધારિત છે. જગતમાં જે સુવ્યવસ્થા આવી રહેલી છે, જે નિયમિતતાથી વધુ ચાલી રહેલું છે, એ જો એકાએક અટકી પડે તો બધે કેવી દુર્દશા ઊભી થાય! અને તે જ રીતે એક નાનું વિશ્વ સર્જાયેલું છે તેમાં - ઉપયોગી ભાગ ભજવતું રહે છે. તેને ખ્યાલ આવે છે કે પહેલીવાર ચાલવાની શરૂઆત કરતા સમયે પડી જવાનો ભય જરૂર હતો પરંતુ તેને ચાલવા માટે વિચાર પણ કરવો પડતો નથી, હવે તો ચપળતાથી દોડી પણ શકે છે! માટે આ ચાલવાની કે દોડવાની ક્રિયા એ તેના જ્ઞાનતંતુઓ, સ્નાયુઓ અને અવયવોનું વ્યવસ્થિ રીતે કામ કરવાને લીદે થતું એક સુનિયોજિત કાર્ય છે. આ ટેવ બાળકને સહજરૂપે વ્યવસ્થિત રીતે કાર્ય કરતા શીખવે છે અને તે જ પાયાનું - મૂળભૂત શિક્ષણ! જો આ સાવ સરળ સિદ્ધાંતને બાળકો અનુસરવાનું શરૂ કરી દેશે તો ઝવેરચંદ મેઘાણી લખે છે તે મુજબ તેઓનાં

**"આગે કદમ! આગે કદમ! આગે કદમ!**
**પંથ ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરેઃ**
આગે કદમ! આગે કદમ! આગે કદમ!"

અવિરત પણે ચાલ્યા કરશે જ! તો આવો, શાળા-મહારાશાળાના નવા સત્રના દિવસો જયારે શરૂ થવા જઇ રહ્યા છે ત્યારે બાળકો તરફ માનવીય અભિગમ અપનાવીએને એક નવી શરૂઆત કરીએ!